કાગળ ? નાનો ભાઇ કેશવ આવ્યો ત્યારે ભગતે કહ્યુ કે કેશા આપણે કોઇ આલસુર નામના ચારણ પાસે સો કોરી (રકમ) માંગતા હતા ? ત્યારે કેશાએ કહ્યુ કે, ના રે ભાઇ ! ત્યારે ભગત હરિરામ વિચારવા લાગ્યા કે, વેપારી મલુશેઠ સાથે હમણા જે બન્યુ એની ખબર આલસુર ચારણને શી રીતે થઇ ? આમ વિચારી હરિભગતે સેવક દેવાને આલસુર ચારણનો પત્તો લગાડવા દોડાવ્યો પણ ચારણ ધર્મશાળા પાસે કે, ગામને જાપે ક્યાય દેખાણો નહી, એટલે ભગતનાં મનને થયું કે, આવુ તો મારો રામ જ કરી શકે. આ રીતે હરિરામ ભગતની ભગવાને લાજ રાખી. એ જમાનાની સો કોરી (રકમ) એટલે આજનાં હજારો રૂપિયા થાય.

આ ઘટના પછી ભગત હરિરામ વેપારી મલુશેઠની પાસે ગયા અને સો કોરી (રકમ) આપી બોલ્યા કે, તમારી બાકી સાઇઠ કોરી જમા કરો અને વધે ઇ ચાલીસ કોરી અમારી અનામત જમા રાખો. આ સાંભળી અને કોઇ આલસુર નામનો ચારણ સો કોરી (રકમ) હરિરામ ભગતને આપી ગયો છે તે બિના જાણી મલુ શેઠને લાગ્યુ કે, સાઇઠ કોરીની કડક ઉઘરાણી કરી ભગતને દુભવ્યા ઇ ખોટું થયુ એટલે શેઠને મનમાં પસ્તાવો થયો અને મલુશેઠ હરિબાપાની જગ્યામાં આવી સો કોરી (રકમ) પગમાં મુકી બોલ્યા કે ભગત મે તમને બજારમાં ઉઘરાણીનાં કવેણ કીધા તે મારી ભુલ છે, મને ક્ષમા કરો.

ત્યારે હરિરામ બોલ્યા કે, ભગત એ તો તમારૂં લ્હેણું હતુંઅને મારે વહેવારે દેવુ જોઇએ. માટે તમે મનને સંતાપો નહી. ત્યારે શેઠ બોલ્યા કે, ભગત આ સો કોરી (રકમ) મારે હવે ન જોઇએ. હું જગ્યાને ભેટ આપુ છુ. એમ કહી શેઠ હાલતા થયા. આ વાત લાંબા બંદરમાં ફેલાઇ ગઇ અને ભગત પ્રત્યે લોકોનું માન વધ્યુ.

હરિરામ ભગતની આવી કેટલીયે વાતો લાંબા બંદર પંથકમાં ચાલતી હતી. જ્યારે આ વિસ્તારમાં ચોત્રીસીયો દુષ્કાળ પડ્યો ત્યારેય એમણે સદાવ્રત બંધ કર્યુ નહી અને જે ભુખ્યા હોય તેને અનાજ પહોંચાડ્યુ. મોટા-મોટા ખેડૂતોને શ્રીમંતોનાં અનાજના ભંડારો ખાલી થયા ત્યારે હરિરામ ભગતનાં અન્નક્ષેત્રમાં અનાજ ખુટ્યુ નહી. ઇ.સ. ૧૮૮૧માં બારાડી પંથકમાં કોલેરાનો ભયંકર રોગ ફાટી નીકળ્યો. માણસો મરવા માંડ્યા ત્યારે ભગત હરિરામબાપાએ કોલેરાના રોગીઓની સેવાચાકરી કરી તેઓને સાજા કર્યા. ભગતે કરેલી સેવાએ લોકોની જગ્યા પ્રત્યેની શ્રદ્ધા વધુ પ્રબળ બનાવી. એ પછી જગ્યાનાં જાદવજી ભગત અને નાનાભાઇ કેશવજીનો દેહવિલય થતાં હરિરામભગતનું મન સંસારમાંથી ઉઠી ગયું અને તેમને એક વખત મનમાં ઉગી નીકળ્યુ કે, આવતા રવિવારે મારો દેહ પડશે. એટલે એમણે પુત્ર જીવરાજને બોલાવ્યો અને કહ્યુ કે, જાદવ ભગત અને કેશવજી મારા બંને હાથ હતાં તેઓ બંને જતાં રહ્યા. મારો જવાનો વખત આવ્યો છે પણ મને આ ધરમની ધજા બાંધી છે એની ચિંતા થાય છે ત્યારે પુત્ર જીવરાજે વચન આપતા કહ્યુ કે, હે પિતા જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તમે બાંધેલ ધરમની ધજાને ફરકતી રાખીશ, પુત્રનું આ વચન સાંભળી ભગતને સંતોષ થયો અને પછી હરિરામ ભગતે અન્નક્ષેત્રનો વહિવટ પોતાનાં દિકરાને સોંપી દીધો, અને કહેવાય છે કે, સરળ દિલના સંતને પોતાની અનંતયાત્રાની ખબર પડી જાય છે. આથી, બાપાએ પોતાનું મરણ ભાખતા કહ્યુ કે, મારો દેહ પડે એ પહેલા મારે ચોર્યાસી કરવી છે. આથી, પુત્ર જીવરાજ ભગતે કહ્યુ. ભલે બાપા એમ કહી બધી વ્યવસ્થા કરી આપી અને ભગત હરિરામબાપાએ જીવતા જગતીયુ કર્યુ. ચોર્યાસી જમાડી. અને ગરીબ-ગુરબાને વસ્ત્રદાન કર્યુ અને એમણે ભાખેલ ભાવિ પ્રમાણેનો રવિવારનો દિવસ આવ્યો એ દિવસે જગ્યાનાં આંગણમાં છાણનો ચોકો કર્યો અને અનેક સત્સંગીઓની હાજરીમાં ભજનની રમઝટ વચ્ચે પોતે લીપેલા ચોકા પર બેઠા અને તેણે રામાયણનાં પાઠ કર્યા અને બ્રાહ્મણોને સુવર્ણદાન આપ્યુ, અને તેણે રામધુન શરૂ કરી, રામધુન બોલતાં-બોલતાં તે દિવસ સંવત ૧૯૫૩ને (ઇ.સ. ૧૮૯૭) નાં વૈશાખ સુદ ૧૩ને રવિવારના દિને તે ભગત હરિરામબાપા રામનામનો જાપ કરતાં-કરતાં વૈકુંઠવાસી થયા.

# લાંબા બંદરના સંતશ્રી જીવરાજ ભગત

ગુરૂ કરતાં શિષ્ય સવાયા અને બાપ કરતા બેટા સવાયા બનતા હોય છે. જીવરાજ ભગતે પણ પિતા ભગત હરિરામબાપાએ બાંધેલ અન્નક્ષેત્રને ગૌરવપૂર્વક ચલાવ્યુ અને હરિરામ ભગતના સ્વર્ગવાસ પછી તેણે તેમની પાછળ ઉત્સવ કર્યો. સાધુ-સંતોને બોલાવી સત્સંગ પણ કર્યો અને પિતાએ બાંધેલ ધરમની ધજા ફરફરતી રાખી ‘અન્નદાન એ મહાદાન’ એ મંત્ર તેમણે પણ જીવનમાં ઉતાર્યો અને પ્રભુભક્તિની સાથોસાથ સાધુ-સંતો અને ગરીબ-ગુરબા-અભ્યાગતોને અન્નદાન, વસ્ત્રદાન આપી ચોતરફ જગ્યાની પ્રસિદ્ધિ ફેલાવી અને જગ્યાના સ્થાનેથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી.જીવરાજ ભગત એકવાર ટહેલ માટે ઓખા પંથકનાં ચરકલા નામનાં નાનાકડા ગામમાં ગયા, ત્યાં દરબારની ડેલીએ તેમનો ઉતારો હતો અને રાત્રે રામાયણ વંચાતી હતી. ત્યાં ગામમાંથી ગોકીરો સંભળાયો કે, દોડો-દોડો, બચાવો-બચાવો અને જીવરાજ ભગત અટકી ગયા અને રામાયણ વંચાતી હતી ત્યાં કોઇએ આવીને જાણ કરી કે, ગામની બહાર ખેડુતોના વાડાઓ આવેલા છે કે જ્યાં ઘરના ઢોર-ઢાંખર માટે ચારાનો સંગ્રહ કર્યો છે ત્યાં આગ લાગી છે, આથી ગામનાં દરેક માણસો વાડાઓની આગ ઠારવા દોડી ગયા, તેમની સાથે જીવરાજ ભગત પણ ત્યાં દોડીને ગયા. ત્યારે ત્યાં જોવા મળ્યુ કે, આગ ફેલાતી-ફેલાતી એક ઝુપડાને પણ આંબી ગઇ હતી અને આ ઝુપડાનાં ગરીબ માણસનો એકનો એક દિકરો એમાં રહી ગયો છે અને આ ગરીબ માણસ મારા દિકરાને બચાવો-બચાવો એવો પોકાર કરે છે અને આગ ઝુપડાની ચોતરફ ફેલાયેલી જોવા મળી. આ ગરીબ માણસનાં દીકરાને બચાવવાની આજીજી સાંભળવા છતાં ગામનુ કોઇ માણસ આગમાં જવા તૈયાર ન થયુ અને જીવરાજ ભગતથી ગરીબ દંપત્તિનું રૂદન ન જોવાયુ એટલે એ જાતે બાળકને બચાવવા ઝુપડી તરફ દોડ્યા ત્યારે દરબાર અને ગામના લોકો હા... હા... કરતાં ભગતને રોકવાનો પ્રયાસ કરવા લાગ્યા, પણ જીવરાજ ભગત તો રામનામનું સ્મરણ કરતાં ઝુપડાની અંદર દોડી ગયા અને સળગતા ઝુપડામાં ફસાયેલા અને ચીસ પાડતા નાનકડા બાળકને ઉઠાવીને, તેડીને બહાર આવ્યા અને આમ એક ગરીબ માણસના દિકરાનો જીવ બચાવ્યો અને જીવરાજ ભગત વિકરાળ આગમાં બળતા ઝુપડામાં ફસાયેલ બાળકને બચાવીને લઇ આવ્યા છતાં જીવરાજ ભગતને આગથી કશી ઇજા ન થઇ. આમ, રામનામના જપનો ચમત્કારીક પરચો જીવરાજ ભગતને મળ્યો. આવા પરદુઃખભંજન એવા અને પિતા ભગત હરિરામબાપાને પંથે ચાલી અન્નદાન અને લોકસેવા કલ્યાણનાં કાર્યો કરી જીવરાજ ભગતે ખાંડાની ધાર પર ચાલી સત્તર વર્ષ સુધી અન્નક્ષેત્ર ચલાવ્યુ અને ઇ.સ. ૧૯૧૪માં જીવરાજ ભગત અન્નદાન સેવાયજ્ઞની સુવાસ ચોમેર ફેલાવી દેવલોકને પામ્યા.

**સૌજન્ય : ‘વિશ્વ લોહાણા પરિષદ’, તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**